# 3

# મહાજનપદ સમયની શાસનવ્યવસ્થા



**નોટિસ બોર્ડ**

શાળાપંચાયતની ચૂંટણીનું જાહેર નામું

- ફૉર્મ ભરવાની તા. 3-7-2011
- ફૉર્મ પાછુ ખેંચવાની તા. 5-7-2011
- ફૉર્મ ચકાસણીની મુદત તા. 7-7-2011
- મતદાન તારીખ 9-7-2011
- મતદાન ગણતરી અને પરિણામ 10-7-2011

3.1 શાળાપંચાયતમાં મતદાન

શાળામાં આજે શાળાપંચાયતની ચૂંટણી હતી. વિદ્યાર્થીઓ પોતાનો મત આપીને તેમનો નેતા પસંદ કરવાના હતા. અગાઉથી સૂચના હોવાથી આજે શાળામાં તમામ વિદ્યાર્થીઓ સમયસર આવી ગયા હતા. પ્રાર્થનાસભામાં સામાજિક વિજ્ઞાનના વિષયશિક્ષકે શાળા પંચાયતની ચૂંટણી કેવી રીતે કરવામાં આવે છે, તેની સામાન્ય જાણકારી આપી. શાળા-પંચાયતની મહત્તા જણાવતાં તેમણે જણાવ્યું કે કોઈ પણ જૂથના સંચાલન માટે નેતાની પસંદગી મહત્ત્વની ગણાય છે. તે પછી સંસ્થા હોય, પ્રદેશ હોય, રાજ્ય હોય કે દેશ હોય. આપણા દેશમાં લોકો પોતાના શાસકોની પસંદગી મતદાનથી કરે છે. વર્ષો પહેલાં લોકો પોતાના શાસક કેવી રીતે પસંદ કરતા તેની વિગત વર્ગખંડમાં આપતાં વર્ગશિક્ષકે વિસ્તારથી સમજાવ્યું.

**વિચારો**

- પહેલાંના સમયમાં લોકો જૂથમાં શા માટે રહેતા હતા ?
- જૂથ નેતાનાં વિવિધ પર્યાય નામ શોધો. તમારા મતે નેતાની પસંદગી કેવી રીતે કરી શકાય ?

માનવી શરૂઆતમાં ખોરાકની શોધમાં ભટકતું જીવન જીવતા હતા. એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરતા ત્યારે તેઓ સમૂહમાં સાથે રહેતા. આવા દરેક સમુદાયો પાસે એક નેતા (વડીલ) રહેતો. શરૂઆતમાં તે નાના-નાના સમુદાયોમાં રહેતો હતો. ધીમે-ધીમે તે મોટા સમુદાયોમાં રહેવા લાગ્યો. આવા જનસમુદાયોનાં ચોક્કસ નામ અપાયાં. જ્યાં-જ્યાં મોટા સમુદાયમાં લોકો રહેવા લાગ્યા, તે જનસમુદાયો 'જનપદ'ના નામે ઓળખાવા લાગ્યા. 'જનપદ'નો અર્થ થાય છે, માણસના વસવાટનું એક ક્ષેત્ર યા સ્થાન. આ જનપદોનાં નામ એની સ્થાપના

કરવાવાળાનાં નામ કે કુળ ઉપરથી પડ્યાં. મહાભારત કાળમાં અનેક જનપદોનો ઉલ્લેખ જોવા મળે છે. ઉત્તર વૈદિક કાળના ધર્મગ્રંથો તથા પ્રાચીન બૌદ્ધ અને જૈન સાહિત્યના ઉલ્લેખ પરથી જાણવા મળે છે કે ઈ.સ. પૂર્વની સાતમી કે છઠ્ઠી સદીમાં ઉત્તર ભારતમાં આવાં નાનાં-મોટાં અનેક રાજ્યો હતાં. નાનાં રાજ્યો 'જનપદ' તરીકે અને મોટાં રાજ્યો 'મહાજનપદ' તરીકે ઓળખાતાં. આ સમયે આવા સોળ મહાજનપદો હતાં.

**આટલું જાણો**

| ક્રમ | રાજ્ય | રાજધાની | વર્તમાન સ્થાન |
|---|---|---|---|
| 1 | અંગ | ચંપા | પૂર્વ બિહાર |
| 2 | મગધ | ગિરિવ્રજ, રાજગૃહ | દક્ષિણ બિહાર |
| 3 | કાશી | વારાણસી | વારાણસી |
| 4 | અસ્મક | પૈઠણ | ગોદાવરી નદીના કિનારે |
| 5 | કોસલ | શ્રાવસ્તી, અયોધ્યા | અવધ (ઉત્તરપ્રદેશ) |
| 6 | વજ્જિ | મિથિલા | ઉત્તર બિહાર |
| 7 | વત્સ | કૌશાંબી | અલાહાબાદ આસપાસનો પ્રદેશ |
| 8 | અવંતિ | ઉજ્જયિની | માળવાનો પ્રદેશ (મધ્યપ્રદેશમાં આવેલ છે.) |
| 9 | ચેદિ | સુક્તિમતી | યમુના અને નર્મદા વચ્ચેનો પ્રદેશ |
| 10 | ગાંધાર | તક્ષશીલા | પેશાવર અને રાવલપિંડી આસપાસના પ્રદેશ |
| 11 | કમ્બોજ | લાજપુર | નૈૠત્ય કાશ્મીર આસપાસનો પ્રદેશ |
| 12 | મલ્લ | કુશીનારા | ગોરખપુરની આસપાસનો પ્રદેશ |
| 13 | કુરુ | ઈન્દ્રપ્રસ્થ | દિલ્હી અને મેરઠ આસપાસનો પ્રદેશ |
| 14 | પાંચાલ | અહિછત્ર, કામ્પિલ્ય | બદાયુ, બરોલી આસપાસનો પ્રદેશ |
| 15 | મત્સ્ય | વિરાટનગર | જયપુર (રાજસ્થાન) પાસેનો પ્રદેશ |
| 16 | શૂરસેન | મથુરા | મથુરા પાસેનો પ્રદેશ |

- પાલી ભાષામાં લખાયેલ 'અંગુતર નિકાય' ગ્રંથ અનુસાર અનુવૈદિકકાળમાં 16 મહાજનપદો હતાં.

આ સોળ મહાજનપદોમાં બે પ્રકારની રાજ્યવ્યવસ્થા સ્થાપિત હતી. એક પ્રકારમાં રાજા મુખ્ય હતો. તે રાજ ચલાવતો, ન્યાય આપતો અને સૈન્ય દોરતો. રાજાને પોતાના કામમાં પ્રધાનમંડળ મદદ કરતું. એટલે કે આ પ્રકારની રાજ્યવ્યવસ્થામાં રાજા મુખ્ય ગણાતો. આવાં રાજ્યોમાં મગધ, કોસલ, વત્સ, અવંતિનો સમાવેશ થતો હતો.

આ સમયે કેટલાંક એવાં પણ રાજ્યો હતાં કે જેમાં રાજા વંશપરંપરાગત પસંદ કરવામાં આવતો ન હતો; પરંતુ જનતા પસંદગી કરતી. જેવી રીતે આજે આપણે આપણી સરકારની પસંદગી કરીએ છીએ. આવા રાજ્યને




**3.2 મહાજનપદ અને નગર**

'ગણરાજ્ય' કહેવામાં આવતું; જેમાં વૈશાલીના લિચ્છવીઓ, કપિલવસ્તુના શાક્યો, મિથિલાના વિદેહ, કુશીનારાના મલ્લો વગેરે પ્રજાઓનાં ગણરાજ્યો હતાં.

આ પ્રકારની રાજ્યવ્યવસ્થામાં પ્રત્યેક સભ્યને 'રાજા' ગણવામાં આવતો. આ સમયે રાજતંત્ર અને ગણતંત્ર એમ બે પ્રકારની રાજ્યવ્યવસ્થા ધરાવતાં રાજ્યો વચ્ચે સામ્રાજ્ય વિસ્તાર માટે યુદ્ધો થતાં. મગધ અને વજ્જિસંઘ વચ્ચે અવારનવાર સંઘર્ષ થતો.

**આટલું જાણો.**

**ગણ** : ગણ શબ્દનો પ્રયોગ ઘણા સભ્યોવાળા સમૂહ માટે કરવામાં આવતો. ગણ એટલે જૂથ અથવા સમૂહ.

**સંઘ** : સંઘ એટલે સંગઠન અથવા સભા

**રાજતંત્ર રાજ્યોની શાસનવ્યવસ્થા :** આપણે આગળ જોયું તેમ ઈસવીસન પૂર્વે છઠ્ઠી સદીમાં ઉત્તર ભારતમાં બે પ્રકારની રાજ્યવ્યવસ્થા ચાલતી હતી. જ્યાં રાજતંત્ર (રાજાશાહી) હતું, તેમાં મગધ રાજ્ય શક્તિશાળી મહાજનપદ બન્યું હતું. તેમાં મગધની રાજધાની પહેલાં રાજગૃહ (રાજગીર) હતી. બાદમાં પાટલીપુત્ર (પટના) બની. ગંગા અને સોન જેવી નદીઓ મગધ રાજ્યમાંથી પસાર થતી હતી. મગધ એ સમયે ફળદ્રુપ પ્રદેશ ધરાવતું રાજ્ય હતું. આ રાજ્યમાં બિંબિસાર અને અજાતશત્રુ જેવા શાસકો થયા હતા. આ સમયના મહાજનપદો વચ્ચે સત્તા માટે હરીફાઈ રહેતી. જેમાં મુખ્યત્વે વત્સ, અવંતિ, કોસલ અને મગધ વચ્ચે સ્પર્ધા વિશેષ રહેતી, જેમાં આખરે મગધ શક્તિશાળી રાજ્ય તરીકે પ્રખ્યાત થયું.

**ગણરાજ્યોની શાસનવ્યવસ્થા :** રાજસત્તાક મહારાજ્યો આસપાસના પ્રદેશો તાબે કરીને પોતાની સત્તા વધારવા અને સામ્રાજ્ય સ્થાપવાની મહત્ત્વાકાંક્ષા રાખતાં. આ જોઈને લિચ્છવી, વજ્જિ, જ્ઞાતુક, વિદેહ, શાક્ય, મલ્લ વગેરે આઠ કે નવ જાતિના લોકોએ પોતાનું રક્ષણ કરવા જે સંઘરાજ્ય સ્થાપ્યું એ વજ્જિસંઘ નામે ઓળખાયું. એ સંઘરાજ્યનું મુખ્ય સ્થાન **વૈશાલી** હતું. આથી તેને વૈશાલીના વજ્જિસંઘનું ગણરાજ્ય કહેવામાં આવતું. ગણરાજ્યના રાજવહીવટનું સંચાલન સભા દ્વારા થતું, જેના કારણે તેને ગણતંત્ર કહેવામાં આવતું. ગણ એટલે સંઘ. ગણરાજ્યમાં રાજની બધી જ સત્તા સભ્યો પાસે રહેતી. સભામાં સભ્યો બેસતા અને બધાં કામકાજ ગણસભામાં રજૂ થઈને બહુમતે કે સર્વાનુમતે પસાર થતાં. જ્યાં સભા ભરાતી તે જગ્યા 'સંથાગાર' તરીકે ઓળખાતી.

ગણરાજ્યની સભામાં સભ્ય તરીકે વૃદ્ધ તેમજ યુવાનોની પસંદગી થતી. ગણરાજ્યો રાજ્યવહીવટ માટે પોતાનો **પ્રમુખ** પસંદ કરતા હતા; જેની પસંદગી ચૂંટણી કરીને કરવામાં આવતી. ગણરાજ્યમાં પ્રત્યેક સભ્યને રાજા ગણવામાં આવતો. ગણરાજ્યોની પોતાની એક સભા હતી, જેમાં વહીવટ, સંરક્ષણ, યુદ્ધ, સંધિ જેવા ઘણા મહત્ત્વના પ્રશ્નો ઉપર ચર્ચા થતી અને પછી નિર્ણય લેવામાં આવતો. કોઈ પણ સભ્ય નિયત થયેલા સમય સુધી જ સભ્યપદ ભોગવતો. ગણરાજ્યના પ્રમુખને એક કાર્યવાહક સમિતિ રાજ્યવહીવટમાં મદદ કરતી.

**સંથાગાર :** ગણરાજ્યોએ રચેલા ગણરાજ્ય સંઘની બેઠક સંથાગારમાં ભરાતી, ત્યારે આ સંથાગારના કેટલાક નિયમો હતા. સભામાં કોઈ પણ દરખાસ્ત ત્રણ વખત રજૂ થતી. જો તેનો વિરોધ ના થાય તો તે પસાર થયેલી જાહેર કરવામાં આવતી. સભ્યને મત આપવાની આગવી વ્યવસ્થા હતી. જ્યારે સભ્ય સંથાગારમાં દાખલ થાય ત્યારે તેને એક સળી આપવામાં આવતી. સભ્ય તે સઘળીનો ઉપયોગ પોતાનો મત જે પ્રકારનો આપવાનો હોય તેમાં ઉપયોગ કરતો. ગુપ્ત મતદાનની પણ વ્યવસ્થા હતી. વજ્જિસંઘના ગણરાજ્યની વિશિષ્ટ ન્યાયપદ્ધતિ અપૂર્વ હતી. ટૂંકમાં, ગણરાજ્યોની પ્રજાસત્તાક લોકશાહી રાજ્યવ્યવસ્થા સંપૂર્ણપણે લોકો ઉપર આધારિત હતી.

**વિચારો**

આજની લોકશાહીની શાસનવ્યવસ્થા અને ગણરાજ્યની વ્યવસ્થા વચ્ચે કઈ-કઈ સામ્યતા જોવા મળે છે ?

**પ્રવૃત્તિ**

આમ્રપાલી ફિલ્મ જોઈને ગણરાજ્ય વિષયક ચર્ચા કરો.

### ગણરાજ્ય સમયનું સમાજજીવન :

પુરાતત્ત્વ વિભાગ દ્વારા ખોદકામ કરતાં જાણવા મળેલ છે કે આ સમયે લોકો સાદાં ઘરોમાં રહેતા હતા. મેવાસી અને અન્ય લોકો પશુઓને પાળતા હતા. આ સમયે ઘઉં, ચોખા, જવ, શેરડી, તલ, સરસવ, કઠોળ જેવા પાકો થતા હતા. લોકો માટીનાં વાસણોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરતા હશે કારણકે પુરાતત્ત્વ વિભાગને આવા કેટલાંક માટીનાં વાસણો ખોદકામ દરમિયાન મળી આવ્યાં છે. આ સમયના માટીનાં કેટલાંક વાસણો ઉપર ચિત્રકામ થયેલ જોવા મળે છે. આવા ચિત્રાંકન કરેલ પાત્રને ચિત્રિત 'ધૂસરપાત્ર' કહેવામાં આવતું.



**3.3 ધૂસરપાત્ર**

આ સમયે કોઈ પણ રાજ્યનો શાસક પોતાના રાજ્યના સંરક્ષણ માટે શક્ય બધા જ ઉપાયો કરતો. આ માટે રાજ્યની રાજધાનીની આસપાસ કિલ્લાઓ બાંધવામાં આવતા. આ કિલ્લાઓ મજબૂત અને ઊંચા બાંધવામાં આવતા. તેમાં પુષ્કળ પ્રમાણમાં પથ્થર અને ઈંટનો ઉપયોગ કરવામાં આવતો. અલાહાબાદથી મળેલ ઈંટની દીવાલ આશરે 2500 વર્ષ પહેલાંની ગણાય છે. એટલે સંભવતઃ આ સમયે આવા ઊંચી દીવાલોવાળા કિલ્લાઓ બાંધવામાં આવતા હશે. કિલ્લાઓના બાંધકામના કારણે લાખો લોકોને આજીવિકા મળી જતી. આવી એક દીવાલનું ચિત્ર જુઓ.



**3.4 ઈંટોના કિલ્લાની દીવાલ**

આ સમયનાં તમામ મહાજનપદોને વિશાળ સેના અને સંરક્ષણ માટે મજબૂત કિલ્લાની જરૂરિયાત રહેતી. આ જરૂરિયાતને પૂરી કરવા લોકો પાસેથી કર લેવામાં આવતો. ખેતીના પાક પર છઠ્ઠો ભાગ ખેડૂતો રાજકોષમાં આપતા. કારીગરવર્ગ એક માસમાં એક દિવસ રાજ્યને કામ કરી આપતો. પશુપાલકો કરના ભાગ રૂપે પશુઓ આપતા. વેપારીઓ સામાનના ખરીદવેચાણ પર કર આપતા હતા.

મહાજનપદોના સમયકાળમાં ખેતીમાં થોડુંઘણું પરિવર્તન જોવા મળે છે. ખેડકામમાં વપરાતા હળમાં હવે લોખંડની કોશનો ઉપયોગ થવા લાગ્યો. આથી ખેતીમાં સુધાર થવા લાગ્યો. ખેડ ઊંડાણથી થતી, પરિણામે વાવેલો પાક સારી રીતે ઊગી જતો. આ સમયથી બીજ આધારિત ખેતીમાં પરિવર્તન આવ્યું. હવે છોડના રોપા દ્વારા પણ ખેતી થવા લાગી. હવે પહેલાંની તુલનામાં વધારે પ્રમાણમાં છોડનો ઉછેર થવા લાગ્યો.

**વિચારો**

- ખેતીમાં અવનવાં પરિવર્તનોને પ્રોત્સાહન કેમ આપવામાં આવે છે ?

સામ્રાજ્યની આકાંક્ષા સેવતાં રાજસત્તાક મહારાજ્યો આવાં લોકશાહી ઢબે ચાલતાં રાજ્યોની વધતી જતી તાકાતને સહન કરે તેમ ન હતાં. મહાબળવાન વજ્જિસંઘ પર વિજય મેળવવો અઘરો હતો. યુદ્ધ વખતે ગણરાજ્યોમાં બધા જ નાગરિકો પોતાને સૈનિક માનતા અને લડાઈમાં ભાગ લેતા. આવા ગણરાજ્યના સંઘના જુદા-જુદા સભ્યો વચ્ચે રાજ્યસત્તાકના શાસકોએ ઈર્ષા ફેલાવી, કુસંપ ફેલાવ્યો, વેરઝેરનાં બીજ વાવ્યાં. આખરે વજ્જિસંઘ વિખરાયો મગધની મહત્ત્વાકાંક્ષા પાર પડી ને મગધ મહાસામ્રાજ્ય તરફ આગળ વધ્યું. આજે પણ પ્રજાતંત્ર અને રાષ્ટ્રની એકતા વાત થાય ત્યારે વજ્જિસંઘનાં ગણરાજ્યોને યાદ કરવામાં આવે છે.

**વિચારો**

- વજ્જિસંઘના સંથાગારમાં તમે મહેમાન બનીને બેઠા છો. તમે મગધ રાજ્યના વતની છો. તમારી પાસે સભામાં બંને રાજ્યોના મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવવા સલાહ માંગવામાં આવે, તો તમે કેવા પ્રકારની સલાહ આપશો, તે નોંધો.

## સ્વાધ્યાય

- **યાદ કરો :**

  1. રાજસત્તાક અને પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થા
  2. ગણરાજ્યોની શાસનવ્યવસ્થા
  3. ગણરાજ્યોનું સમાજજીવન

- **નીચે આપેલા ખાનામાં પ્રજા પ્રમાણે ગણરાજ્યનું નામ લખો :**

| | | | |
|---|---|---|---|
| લિચ્છવી | | શાક્ય | |
| વિદેહ | | મલ્લ | |

- **ચર્ચા કરો :**

  1. મહાજનપદના શાસકો મજબૂત કિલ્લાઓ શા માટે બનાવતા ?
  2. ગણરાજ્યોનું પતન શાથી થયું ?
  3. આજની ચૂંટણી અને ગણરાજ્યોની ચૂંટણીની કઈ-કઈ ભિન્નતા હતી ?

- **પ્રોજેક્ટકાર્ય :**

  ગ્રામપંચાયતની ચૂંટણી અને સહકારી મંડળીની ચૂંટણીની સમગ્ર પ્રક્રિયાની માહિતી મેળવી, તેની વિશેષતાઓ અને તફાવતની વર્ગમાં ચર્ચા કરો.